ખેડબ્રહ્મામાં ૨૧, વિજયનગરમાં ૧૫, પોશીનામાં ૧૪ મીમી વરસાદ

સાબરકાંઠા જિલ્લામાં બે દિવસથી પડી રહેલા વરસાદે ગુરૂવારે હિંમતનગર, પોશીના અને પ્રાંતિજમાં વિરામ લીધો છે. જયારે છેલ્લા ચોવીસ કલાકમાં ખેડબ્રહ્મામાં ૨૧, પોશીનામાં ૧૪ અને વિજયનગરમાં ૧૫ મીમી વરસાદ નોંધાયો છે.

ડીઝાસ્ટર વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ છેલ્લા ચોવીસ કલાકમાં હિંમતનગરમાં ૨, ઇડરમાં ૩, પ્રાંતિજમાં ૧ જયારે વડાલીમાં ૫ મીમી વરસાદ પડયો હતો. જોકે ગુરૂવારે જિલ્લામાં આકાશ વાદળછાયુ રહ્યુ હોવા છતાં કયાંક સામાન્ય વરસાદ પડયો હતો. તો બીજી તરફ વરસાદે વિરામ લેતા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોએ કપાસ, મગફળી, અડદ, મગ, તલ સહિતના અન્ય પાકોમાં આંતર ખેડનું કામ ચાલુ કરવાનું આયોજન શરૂ કરી દીધુ છે.

ઊંઝા શહેરમાં બે દ્વિ ચક્રી વાહન ચોરીના બનાવ

ઊંઝા, તા. ૧૧

ઊંઝા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી દ્વિચક્રી વાહનોની ઉઠાંતરીના કિસ્સાઓ વધી જતાં વાહનચાલકો ચિંતાતુર બન્યા છે. બે દિવસ દરમિયાન શહેરના જુદા જુદા બે વિસ્તારોમાંથી બે દ્વિચક્રી વાહનોની ચોરીઓ થયેલ છે.

ઊંઝા ખાતે લુહાર ચકલામાં રહેતા પ્રજાપતિ રાકેશકુમાર મણીલાલે પોતાનું એકટીવા જીજે-૨.બી.ઈ.૬૮૬૯ નંબરનું સફેદ રંગનું જાગીર હોટલ પાસે પાર્ક કર્યું હતું. જેની રાત્રીના દશેક વાગે કોઈ તસ્કરોએ ચોરી કરી હતી. ચોરાયેલ એકટીવાની કિંમત રૂપિયા વીસ હજારની થવા જાય છે.

જ્યારે બીજા કિસ્સામાં શહેરના જયવિજય સોસાયટીમાં રહેતા શ્રીપાલકુમાર દેવીચંદ ગાંધીએ પોતાના મકાન આગળ પોતાનું રાજસ્થાન પાસિંગનું સ્કૂટર પાર્ક કર્યું હતું. જેની મોડી સાંજે આઠ વાગ્યાના સુમારે કોઈ તસ્કરો ઉઠાંતરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા.

વિકાસની વચ્ચે વનરાજી ખીલી ઉઠી

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરનો વિકાસની ગતિ તેજ બનતા શહેરમાં રહેલા લીલા ઝાડ-વૃક્ષોનું નિકંદન નીકળતુ ગયુ. મોડાસા શહેરમાં અષાઢ-શ્રાવણ માસમાં પડેલા વરસાદથી નગરની ફરતે રહેલા વૃક્ષો અને વનરાજી ખીલી ઉઠતા મોડાસા નગરનો નજારો આહલાદક બની ગયો છે. કાંકીટના જંગલોથી ઘેરાયેલા મોડાસા શહેરની ચારે બાજુ લીલોતરી જોવા મળતા શહેરના નજીક આવેલા દેવરાજધામના ડુંગર પરથી મોડાસા શહેરનુ અદ્‌ભુત દૃશ્ય કેમેરામાં કંડારી લીધુ હતુ.

વિધેયકને ૧૫મી ઓગસ્ટથી અમલી કરવા નિર્ણય

જમીન સંપાદન અંગે ગુજરાત સુધારા વિધેયકને મળેલ મંજુરી

રાષ્ટ્રપતિએ ૮મી ઓગસ્ટના દિવસે જ મંજુરી આપી હતી ખેડૂતોના હિતમાં ખુબ જ મહત્વપૂર્ણ સુધારાને લીલીઝંડી

અમદાવાદ, તા.૧૧

રાજયના મહેસુલ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ભારત સરકારના નવા જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ના સંદર્ભે ગુજરાતે વિધાનસભા ગૃહમાં મંજુર કરેલા સુધારા વિધેયકને તા.૮મી ઓગસ્ટે રાષ્ટ્રપતિની અનુમતિ મળતાં જણાવ્યું હતું કે, આ સુધારા વિધેયકના અમલથી રાજયના વિકાસને નવી દિશા મળશે. મંત્રી ચુડાસમાએ જણાવ્યું કે, અગાઉની યુપીએ સરકારના નવા જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩માં અમલીકરણમાં ઘણી વિસંગતતાઓ હતી. જેના કારણે વિકાસ પ્રક્રિયા રૂંધાતી હતી. જુના કાયદામાં સંમતિ એવોર્ડને પ્રોત્સાહિત કરવાની કોઈ જોગવાઈ ન હતી. જેના કારણે વિકાસ પ્રક્રિયા રૂંધાઈ હતી. જુના કાયદામાં સંમતિ એવોર્ડને પ્રોત્સાહિત કરવાની જોગવાઈ ન હતી. ખેડુતોને પુનઃસ્થાપન કે પુનર્વસનની જોગવાઈ જટિલ હતી. લાંબી પ્રક્રિયા બાદ જમીન માલિકોને અપૂરતુ વળતર મળતું. કાનુની વિવાદોના કારણે વિકાસની પ્રક્રિયામાં વિલંબ થતો હતો. મંત્રીએ ઉમેર્યું હતું કે, જમીન સંપાદનની વ્યાખ્યા વ્યાપક હોઈ કોઈપણ હેતુઓ માટે જમીન સંપાદન કરવામાં આવતી હતી. આ વિસંગતતાઓ દુર કરી ખેડુતો માટે લોકાભિમુખ સુધારાઓ અને જોગવાઈઓ કરવાની ખેડુતોના હિતમાં આવશ્યકતા હતી. જેના કારણે આ સુધારા કરાયા છે. આ સુધારાથી હવે મર્યાદિત જાહેર હેતુઓ માટે કાયદામાં નિર્દિષ્ટ જોગવાઈ અનુસાર જમીન સંપાદિત થઈ શકશે. મંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતે આ કાયદાના સરળીકરણ માટે અનેકવિધ પ્રયાસો હાથ ધરી ગુજરાત સુધારા વિધેયક-૨૦૧૬ને ગુજરાત વિધાનસભાને મંજુરી આપી હતી. વિધાનસભાને મંજુર કરેલા આ વિધેયકને રાજયપાલએ અનુમતિ આપી હતી. ગુજરાતના આ સુધારા વિધેયકને તા.૮ ઓગસ્ટના રોજ રાષ્ટ્રપતિ દ્વારા અનુમતિ પણ આપવામાં આવી છે. ગુજરાતના જમીન સંપાદન સુધારા વિધેયકમાં અસરગ્રસ્તોની પુરતી કાળજી લેવામાં આવી છે. તેનો ખાસ ઉલ્લેખ કરતાં મંત્રી ચુડાસમાએ જણાવ્યું હતું કે, જમીન સંપાદનના કિસ્સામાં અસરગ્રસ્તો વિકાસ કાર્યોમાં ભાગીદાર બને, તેમને મહત્તમ વળતર મળે અને તેમના સામાજિક અને આર્થિક જીવન ધોરણમાં સુધારો થાય તેવી રાજય સરકારની નેમ છે.

પવિત્ર શ્રાવણ માસમાં મંદિરોમાં હિંડોળા ઉત્સવ ધામધૂમથી ઉજવાઈ રહ્યો છે. વિવિધ ચીજવસ્તુઓથી સુશોભિત કરી તૈયાર કરાતા કલાત્મક હિંડોળા હંમેશા શ્રદ્ધાળુઓ માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યા છે. મણીનગર ખાતેના સ્વામિનારાયણ મંદિરમાં પણ પૂ. આચાર્ય સ્વામીની પ્રેરણાથી સંતવૃંદ દ્વારા કાજુ કતરીના કલાત્મક અને નયનરમ્ય હિંડોળા તૈયાર કરાયા હતા. જેનો મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ દર્શનનો લ્હાવો લીધો હતો.

પ્રદેશ પ્રમુખ જીતુભાઈની વરણીને આવકારતા પંકજભાઈ દેસાઈ

નડીઆદ, તા. ૧૧

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખપદે ભાવનગરના નવયુવાન ધારાસભ્ય જીતુભાઈ વાઘાણીની થયેલી નિમણુંકને આવકારીને નડીઆદના ધારાસભ્ય અને વિધાનસભાના મુખ્ય દંડક પંકજભાઈ દેસાઈએ અભિનંદન પાઠવ્યા હતા.

ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમીતભાઈ શાહની સૂચનાથી રાષ્ટ્રીય મહાસચિવ અને કેન્દ્રીય કાર્યાલય પ્રભારી અરૂણસિંહ દ્વારા તા. ૧૦મી ઓગષ્ટના રોજ ભાવનગરના ધારાસભ્ય જીતુભાઈ વાઘાણીની વરણી કરાઈ છે. જેની જાણ સમગ્ર ગુજરાતમાં ભાજપના રાજયભરના કાર્યકરોમાં ભારે ઉત્સાહ પ્રવર્તી ગયો હતો. નડીઆદ શહેરના સંતરામ મંદિરે પણ ભાજપ પરિવાર દ્વારા ફટાકડા ફોડીને આનંદ વ્યક્ત કરાયો હતો.

ખેડબ્રહ્મા કોલેજમાં આંતરરાષ્ટ્રીય આદિવાસી દિનની ઉજવણી

ખેડબ્રહ્મા, તા. ૧૧

ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ ખેડબ્રહ્માના ટ્રાયબલ રીસર્ચ સેન્ટર દ્વારા તા. ૯-૮-૨૦૧૬ના રોજ 'આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ'ની ઉજવણીનો કાર્યક્રમ યોજાઈ ગયો. સંસ્થાના આચાર્ય પ્રિ. એન.ડી. પટેલ, ડૉ. એ.બી. બ્રહ્મભટ્ટ, ડૉ. વી.સી. નિનામા, ડૉ. આર.જે. દેસાઈ, કિર્તીકુમાર જોષી વગેરેએ કાર્યક્રમ સંદર્ભે પોતાના વિચારો રજુ કર્યા હતા. આદિવાસી ગીત રજુ કર્યુ હતુ. કોલેજના જી.એસ. ખેર મનોજ તથા રાકેશ તથા શક્તિસિંહ સોલંકીએ આ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં આદિવાસી ભાઈ-બહેનો, પ્રા. જીગર ખરાડી, જે.એસ. રાઠવા ઉપસ્થિત રહ્યા હતા.

ઓગષ્ટ માસના અંત સુધી ખેતી માટે ફાયદાકારક વરસાદ ચાલુ રહેશે

ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ પટેલેની આગાહી

છેલ્લા ઘણા દિવસોથી પડી રહેલો વરસાદ ઓગષ્ટ માસના અંત સુધી ચાલુ રહેશે. ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે ખેતી માટે ફાયદાકારક વરસાદ ચાલુ જ રહેશે.

ઘણી રાહ જોવડાવ્યા પછી વરસાદ ઓગષ્ટ માસમાં ધમાકેદાર આવેલ છે. આ વરસાદથી ઉભા કૃષિપાકો સારા થાય પરંતુ આશ્લેષા નક્ષત્રનું વરસાદી પાણી કૃષિ પાકો માટે સારૂ ગણાતુ હોવા છતાં વરાળ થયા વિના જો આતંર ખંડ કરવામાં આવે તો લીલી માટી છોડ પર પડવાથી છોડ કોહવાઈ જવાની ભિતી રહે છે. આશ્લેષા નક્ષત્રનો વરસાદ લીલો પડવાસ વગેરે કરવા માટે સારો ભેજ ટકાવી રાખવા માટે રીતે સારૂ ગણાતુ નથી. હવે ૧૬મી ઓગષ્ટથી સુર્ય મઘા નક્ષત્રમાં આવશે અને મઘા નક્ષત્રનું પાણી ઉભા મોત માટે સારૂ ગણાય છે. ભૌગોલિક બાબતો ગ્રહો, નક્ષત્રો અને અન્ય આધારે જોતા હજુ પણ વરસાદના યોગ છે. પરંતુ અગત્સ્યનો ઉદય થયેલો હોવાથી વરસાદ જ્યાં ચઢે ત્યાં પડે. પર્વતાકારનો મેઘ જ્યાં ચઢશે ત્યાં પડશે. ઓગસ્ટ તારીખ ૧૨-૧૩માં વરસાદના યોગ છે. તા. ૧૪થી ૧૮માં પણ વરસાદના યોગ છે. જ્યારે શ્રાવણ વદમાં મઘા નક્ષત્રમાં ઓગષ્ટ તા. ૧૯થી ૨૯માં સારા વરસાદના યોગ છે. ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છમાં વરસાદના યોગ છે.

પ્રાંતિજમાં મહિલા સ્વરક્ષણની તાલીમાર્થી બહેનોને પ્રમાણપત્રો એનાયત કરાયા

પ્રાંતિજ ખાતે કેળવણી મંડળ સંચાલિત અવરઓન હાઈસ્કૂલમાં તા. ૧૦મી ઓગષ્ટના રોજ પોલીસતંત્ર દ્વારા મહિલા સ્વરક્ષણની તાલીમ પામેલ વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આગામી પંદરમી ઓગષ્ટ સ્વાતંત્ર્ય પર્વની જિલ્લાકક્ષાની ઉજવણી પ્રાંતિજ મુકામે થનાર છે. ત્યારે પ્રાંત અધિકારી એ.આર. ચૌધરી તથા પ્રાંતિજ મામલતદાર એ.આર. ડોડીયા દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. ત્યારે ઉજવણીના ભાગરૂપે પ્રાંતિજ નગરની સામુહિક સફાઈ, સ્વચ્છતા ઝુંબેશ, ટ્રાફિક અવરનેશ, રક્તદાન કેમ્પ, વિકલાંગ માટે આરોગ્ય નિદાન કેમ્પ, સંગીત સંધ્યા અને સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેનું તબક્કાવાર તંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

મોરીયા ગામમાં કાનૂની સાક્ષરતા શિબીર યોજાઈ

બી.કે. મર્કેન્ટાઈલ બેંક લૉ કોલેજ દ્વારા મોરીયા ગામમાં કાનૂની સાક્ષરતા શિબીરનું આયોજન કરેલ. જેમાં પ્રથમ રેલી કાઢી અને કાનૂની સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. પ્રાથમિક શાળા મોરીયાના પ્રાંગણમાં વિદ્યાર્થીઓ અને ગામના લોકો એકત્રિત થયા હતા. કાર્યક્રમની રૂપરેખા અને કોલેજની માહિતી લૉ કોલેજના કાર્યકારી આચાર્ય આરતીબેન એ. દવેએ આપી હતી. બંધારણ વિષય પર કોલેજના સિનિયર અધ્યાપક અશ્વિન કારીઆએ વ્યાખ્યાન આપેલ. શિક્ષણ અધિકાર કાયદો પર કોલેજના અધ્યાપક માનસીબેન શાહે વ્યાખ્યાન આપ્યુ. માહિતી અધિકાર ધારો વિષય પર જગદીશ દેસાઈના વિદ્યાર્થીએ વ્યાખ્યાન આપેલ.

કેન્સરના દર્દીઓ માટે રોબોટિક્સ પદ્ધતિથી સારવાર

રોબોટિક્સ અતિ નીચા ઉષ્ણતામાને કરેલી શસ્ત્ર ક્રિયાએ કેન્સરના દર્દીઓમાં એક નવું આશાનું કિરણ જગાવ્યું છે. રોબોટિક ટેકનોલોજી શરીરના કોઈપણ અવશેષને ઠંડા કરવાના કોન્સેપ્ટ પર આધારિત છે જે યુ.એસ.થી આવી છે. આ પદ્ધતિથી કેન્સરની ગાંઠ ઘણી જલદીથી બરફ બોલ બની જાય છે અને કેન્સરના જીવાણું અંદર જ નાશ પામે છે. આ એડવાન્સ Cryosurgery ઘટાડવામાં કેન્સર માટે તાજેતરની રોબોટિક્સ સારવાર છે. રોબોટિક સારવાર પદ્ધતિ ફૂડા (fuda) કેન્સર હોસ્પિટલ ગ્વંગજય ચાઈના વિશ્વમાં જે આ ટેકનોલોજી ધરાવે છે. જે ટોચની પ કેન્સર હોસ્પિટલ પૈકીની એક છે. Cryosurgery ઘટાડવામાં કેન્સર સારવાર કિમોચિકિત્સા, રેડિયોચિકિત્સા અથવા ઓપન શરીર શસ્ત્રક્રિયા ઉપયોગ કર્યા વગરની એક નવી સારવાર પદ્ધતિ છે. આ રોબોટિક્સ સારવાર પદ્ધતિ એક પીડા રહિત અને ટાંકા વગરની પ્રક્રિયા છે. જેમાં કોઈ આડઅસર થતી નથી અને કેન્સરના કારણે થતી પીડા ઘટાડવામાં મદદ કરે છે. ભારતમાંથી પણ લોકો ચાઈના જતા હોય છે.

ડૉ. મુફંગ જાણીતા એન્ક્રોલોજિસ્ટ છે અને જેઓને ૩૧ વર્ષનો અનુભવ છે. તેઓ પણ રોબોટિક્સ સારવાર પદ્ધતિના નિષ્ણાંત છે. જેનો લાભ ાજન્સરના દર્દીઓને અમદાવાદમાં ઘેર બેઠા મળશે. તેમની સાથે ડૉ. અનુપ અબોટી પણ રહેશે જેઓ પણ ખુબ જ જાણિતા કેન્સર નિષ્ણાંત છે. જેમનો સંપર્ક કરી આપ વધુ માહિતી મેળવી શકો છો. તેમનો સંપર્ક નંબર - ૦૯૪૨૨૧૦૯૭૮૯, ૦૯૫૭૯૬૨૨૨૪૪

સુપર મોટર ડ્રાઈવમાં એકઝોટિક કાર અને સ્પીડ બાઈકસ દરેક માઈલે લોકોમાં સ્મિત ફરકાવી જશે

ઘણા લાંબા સમયથી સેવેલા સપનાને સાકાર કરવાનો આ સમય છે. સખાવતના હેતુથી યોજેલ સુપર મોટર ડ્રાઈવની બીજી એડિશનમાં યુવા અનસ્ટોપેબલ ફરીથી લોકોનાં દિલ જીતશે. આ ઈવેન્ટમાં તમે અદાણી શાંતિગ્રામ ખાતે તમે ૧૪મી ઓગસ્ટના રોજ બપોરે ૩.૦૦થી ૬.૦૦ દરમ્યાન તમે બાળકોને પોતાની શૈલીથી બેઠેલાં જોઈ શકશો અને આ મહામૂલી રાઈડમાં મહાલતાં અને રાઈડથી આનંદિત થયેલાં જોઈ શકશો. આ માત્ર રાઈડનો સમય નથી. આ અનુભવ દેશભરમાં ઉજવાતા ગણતંત્ર દિનની ઉજવણી પૂર્વે યોજાઈ રહ્યો છે, જેનો ઉદ્દેશ દરેક માઈલે મ્યુનિસિપલ શાળાઓમાં ભણતાં બાળકોને સ્મિતની ભેટ આપવાનો છે. આ વર્ષે કાર અને બાઈકસના માલિકો અગાઉથી નક્કી કરેલા રૂટ ઉપર રાઈડ શેર કરશે અને આ દિવસે મોજમસ્તીની અન્ય પ્રવૃત્તિઓ પણ યોજાશે. સુપર મોટર ડ્રાઈવના સ્થાપક આયુષ અગરવાલ જણાવે છે કે "ભારત સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરી રહ્યું છે ત્યારે અમને વિચાર આવ્યો કે બાળકોને તેમના રોજબરોજના પરિશ્રમમાંથી બહાર લાવીને , જે પસાર કરાયેલા દરેક માઈલે બાળકોને આનંદનો સૂર અને એક દિવસની આઝાદી આપવી. જેથી તે ઉત્તમ ભાવના સાથે ઉત્સાહથી ઝૂમી ઉઠે. સુપર કાર્સ અને સુપર બાઈકસનું આ આ ઝીપ, ઝેપ ઝૂમ સુપર હીરો દ્વારા માત્ર પડદા ઉપરની વાર્તાઓ પૂરતું જ મર્યાદિત રહેતુ હતું તે વાસ્તવિક સ્વરૂપે જોઈ શકાશે અને એક રીતે નાનકડી સપનાની દુનિયા સાથે સેતુ સાધશે." યુવા અનસ્ટોપેબલ દ્વારા તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ , સુપર મોટર રાઈડ રિધ્ધિલક ડે જોય રાઈડની પ્રથમ એડીશનનું આયોજન કરવામાં આવ્યું હતું અને એમાં ૧૦૦ બાળકોએ ભાગ લીધો હતો.

ગુણગાન બંધ કરે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈસ્લામિક સંગઠન અને આશિયાન દેશો સામેલ છે. પાકિસ્તાને આઠમી જુલાઈથી કાશ્મીરમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શન દરમિયાન ભારતીય અધિકારીઓ દ્વારા માનવ અધિકાર ભંગના આક્ષેપો પણ કરવામાં આવી રહ્યા છે. સુષ્માએ કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીર ભારતના એક અખંડ ભાગ તરીકે છે. નવી દિલ્હીએ પાકિસ્તાની આ પ્રકારની કાર્યવાહી અને નિવેદનોને સંપૂર્ણપણે ફગાવી દીધા છે. અમે આંતરરાષ્ટ્રીય મંચ ઉપર પણ જોરદારરીતે આ મુદ્દાને રજૂ કરી ચુક્યા છે.

અમે કહી ચુક્યા છે કે, જમ્મુ કાશ્મીરમાં હિંસક વિરોધ પ્રદર્શન પાછળ પાકિસ્તાનનો હાથ રહેલો છે. વિરોધ પ્રદર્શનમાં હજુ સુધી ૫૦થી વધુ લોકોના મોત થયા છે અને ૬૦૦૦થી વધુ લોકો ઘાયલ થઈ ગયા છે. જમ્મુ કાશ્મીરના લોકો ભારતીય નાગરિક છે. સરકાર તેમના પ્રત્યે જવાબદારી સ્પષ્ટપણે ધરાવે છે. આતંકવાદીઓને હીરો બનાવવાના પ્રયાસ પાકિસ્તાન દ્વારા કરવામાં આવી રહ્યા છે જેને કોઈ કિંમતે ચલાવી લેવામાં આવશે નહીં.

પાણીનો ભરાવો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરવા માટે અગાઉ બે વાર દરખાસ્ત તૈયાર કરાયા બાદ પણ વિભાગ દ્વારા કોઈ આયોજન થઈ શક્યુ નથી. અગાઉ શહેરના માત્ર ૭ જ સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવામાં આવી હતી જયારે હાલ શહેરના મોટાભાગના સેકટરોમાં વરસાદી પાણીના નિકાલ માટે કોઈ વ્યવસ્થા નથી. જેના પરિણામે વરસાદી ઋતુ દરમિયાન નજર નાંખો ત્યાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. સેકટરોમાં વરસાદી પાણીના નિકાલ માટે અગાઉ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો જેના અંતે સેકટરોમાં બાકીનુ કામ હાથ ધરવા માટે દરખાસ્ત પણ કરવામાં આવી હતી પરંતુ રૂટમાંથી પસાર થતી અન્ય યુટીલીટીઝ લાઈનને ધ્યાને લઈ સ્ટોર્મ વોટર લાઈનનુ કામ હાથ ધરવા માટે એજન્સીને અભ્યાસ હાથ ધરવા માટે કામ સોંપવામાં આવ્યુ હતુ પરંતુ હજુ સુધી આ મામલે રીપોર્ટ પણ તૈયાર થઈ શકયો નથી.ત્યારે દરવર્ષે ચોમાસાની ઋતુમાં સેકટરોમાં વરસાદી પાણીના ભરાવા વચ્ચે સેકટરવાસીઓએ અનેક પ્રકારે હાલાકી વેઠવાનો વારો આવે છે. આમછતા એજન્સી દ્વારા રીપોર્ટ પણ તૈયાર કરી તંત્રને સુપ્રત કરાયો નથી જયારે સ્ટોર્મ વોટર લાઈનની કામગીરીની યોજના પણ અધ્ધરતાલ છે. જેના લીધે સેકટરવાસીઓએ દુવિધાઓનો સામનો કરવાનો વારો આવ્યો છે.

સ્પેશયલ અનામત...

● ત્રીજા પાનાનું ચાલુ

ભરભીડીયા જણાવે છે કે દેવીપૂજક સમાજ ખુબ જ આર્થિક અને શિક્ષિત રીતે પછાત હોય છે. જેથી અમારા સમાજની મુખ્ય ૬ માંગણીઓ છે જેમાં સ્પેશયલ અનામત, કચ્છમાં રદ કરેલ અનુસુચિતના લાભ પરત ચાલુ કરવા, શિક્ષણ દેરક જિલ્લા તાલુકામાં હોસ્ટેલ કે છાત્રાલયો બનાવવા, સ્વરોજગાર માટે ગરીબ વાઈબ્રન્ટ સ્માર્ટ શાકમાર્કેટ બનાવવા, ધર્મ પરંપરાની ગરીમા જાળવવા સહિત એટ્રોસીટી કાયદો લાવી દેવીપૂજકની ગરીમાં જાળવવાના પ્રશ્નનો સમાવેશ કરવામાં આવ્યો છે આ વર્ષોથી પડતર માંગણીઓને લઈ આગામી ૧૬ ઓગષ્ટના રોજ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે દેવીપૂજક સમાજ એકત્ર થશે અને મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરશે.

લોકોમાં વાંચન વૃત્તિ વધારવા જી.ડી. મોદી કોલેજમાં શિબીર યોજાઈ

પાલનપુર, તા. ૧૧

વિદ્યા જગતમાં સોશિયલ મિડીયાને કારણે ઘટતી જતી વાંચનવૃત્તિમાં જાગૃતિ પ્રેરવાના હેતુથી જી.ડી. મોદી કોલેજ ઓફ આર્ટસ અને બી.કે. મર્કેન્ટાઈલ બેંક લૉ કોલેજ પાલનપુરના સંયુક્ત ઉપક્રમે ૨૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓની વાંચન શિબિર તા. ૩૦-૭-૨૦૧૬ના રોજ પુર્ણ દિવસ માટે યોજાયેલ. મહેમાન વક્તાઓ તરીકે નિવૃત્ત સનદી અધિકારી ડંકેશ ઓઝા, ગુજરાત વિદ્યાપીઠના વિભાગીય અધ્યક્ષ પ્રોફેસર ઉષાબેન ઉપાધ્યાય અને જાણીતા શાયર મુસાફીર પાલનપુરી ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્‌ઘાટન સમારંભમાં પ્રોફેસર એ.ટી. સિંધીએ વાંચન શિબિરની ભૂમિકા સમજાવી હતી. પ્રોફેસર સોહન દવેએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓએ કૃતિ વાંચવા માટે એક કલાકનો સમય ફાળવાયેલો અને તેના ઉપર વિદ્યાર્થીઓએ પોતાની સમીક્ષા પણ રજૂ કરી હતી. તેમાં પ્રોફેસર ડૉ. કલ્પનાબેન ગાંવિત અને પ્રોફેસર યશસ્વી પંડ્યાની બનેલી નિર્ણાયક સમિતિએ રાજપૂત હર્ષાબેને પ્રથમ, હરચંદ ચૌહાણને દ્વિતિય અને કિરીટ રાવતને તૃતિય સ્થાને જાહેર કરેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોફેસર ચંદ્રેશ ભાંભી અને પ્રોફેસર યશશ્વી પંડ્યાએ કરેલ. ઉદ્‌ઘાટન સમારંભ અધ્યક્ષ મંડળના પ્રમુખ શિરિષકુમાર મોદીએ વાંચનનું મહત્વ સમજાવેલ. સમારંભમાં આર્ટસ કોલેજના આચાર્ય ડૉ. સંતોષ ચૌહાણ અને લૉ કોલેજના ઈન્ચાર્જ આચાર્ય આરતી દવે ઉપસ્થિત રહેલા હતા. કાર્યક્રમની આભારવિધિ પ્રોફેસર માનસી શાહે કરેલ.

તન દુરસ્તી

● ૪ પાનાનું ચાલુ...

કરીએ. જેમકે ૧ બાઉલ દહીં મા (મલઈ કાઢી ને બનાવેલ) ૧૦૦ કેલરી હોય. ૧ કપ છાશ માં ૩૦ કપ કેલરી હોય. ૧૦૦ ગ્રામ કાજુ માં ૪૨૧ કેલરી હોય. ૧ ગ્લાસ નાળીયેર પાણી માં ૨૪ કેલરી હોય. ૧ કપ ભાત માં ૨૨૨ કેલરી હોય ૧ કપ ખીચડી માં ૪૩૦ કેલરી હોય. ૨ બાઉલ પુલાવ માં ૩૫૮ કેલરી હોય. વેજીટેબલ બિરિયાની મા ૨૯૦ અને નોનવેજ બિરિયાની ના ૧ કપ મા ૩૨૦ હોય. ૨ પરાઠા માં ૨૯૭, ૨ ચપાટી માં ૧૭૦ હોય. ૩ પૂરી મા ૨૪૦ હોય. ૧ કપ ચણા મા ૧૫૪ હોય. ૧ કપ દાળ માં ૧૨૪ હોય. ૧ કપ સંભાળ માં ૮૧ હોય. ૧ બાઉલ પોટેટો ક્રા્માં ૫૨૪ હોય. ૧ બાઉલ પીસ કરીમાં ૧૯૧ હોય. ૨ દહીંવડામાં ૩૪૩ કેલરી, ૨ ફીશ કટલેશમાં ૧૯૦, ૩ ઈડલીમાં ૨૨૯, ૧ મસાલા ઢોંસામાં ૧૯૨, ૧ સમોસામાં ૨૦૭, ફ્રાય ફિશ ૨ બાઉલ માં ૨૧૮ કેલરી હોય છે. આ તો આપણી રુટીન રેગ્યુલર ખાવા પીવાની વાત હતી. હજુ મીઠાઈની વાતો તો આપને કરી જ નથી. મીઠાઈની વાત કરવી છે? જેમકે હલવો, જલેબી, માવાની મીઠાઈ, રસ મલાઈ એ સિવાય કોઈ પણ મીઠાઈ લઈ લો ચોકલેટ બરફી ની વાત હોય કે બટર ચીકન ની વાત હોય બધા મા ૧ પીસ માં આશરે ૪૫૦-૫૦૦ ની આજુ બાજુ કેલરી આપને પેટ માં નાખી દઈએ છીએ. ૧ ભાજીપાઉં ખાવ તો પણ ૬૦૦ કેલરી આપને લઈએ છીએ. ભાઈ ઉપરનું તો બધું સમજ્યા પણ ખાવાનું શું? કઈ વસ્તુઓમાં ઓછી કેલરી હોય જે આપને ખાઈ શકીએ. પહેલા તો આપનું ખાવાનું બનવાની રીત ને સુધારવાની જરૂર છે. ઘી - તેલ નો વપરાશ ઓછો કરવાની જરૂર છે. જમતી વખતે તમે કેટલી કેલરી શરીર માં નાખો છો. એનો આચ્છો ખ્યાલ મગજમાં રાખવો જોઈએ. ખોરાક ઓછો કરવાની વાત નથી પણ રુટીન ખોરાક માં શું નવું નાખીએ તો કેલરી ઓછી જાય. સલાડનો ઉપયોગ જેમાં ડુંગળી, ટામેટા (મીઠા વગર ના) ભરપૂર પ્રમાણમાં લેવા જોઈએ. દહીં જેમાંથી મલાઈ કાઢી નાખેલ હોય એવું તેનો ઉપયોગ વધારવો જોઈએ. સાદી રોટલી (ઘી - તેલ વગરની), ઓછા તેલ વાળું શાક, કાચી કોબીજ વગેરેનું પ્રમાણ વધારવું જોઈએ. ચોખામાં બ્રાઉન રાઈસનું પ્રમાણ વધારવું જોઈએ.સવાલ એવો પણ થાય કે વજન ઉતારવા માટે કેટલી કેલરી લેવી જોઈએ? એનો જવાબ છે કે બહેનોમાં ૧૨૦૦ કેલરી કરતા ઓછી અને પુરુષોમાં ૧૬૦૦ કેલરી કરતા ઓછી કેલરી રોજ લેવી જોઈએ. પાણી વધારે પડતું પીવું જોઈએ. ખાંડ અને દૂધ વગર ની ચા તથા મોળી કૉફી લેવી જોઈએ. અને શક્ય હોય તો સલાડમાં જેટલા બને એટલા વધારે કાચા શાકભાજી તથા ફળો અને સલાડ ખાવા જોઈએ. જેમકે પાલક, કોબીજ, બ્રોકોલી, ફૂલાવર, ગાજર, મૂળા, વગેરે વધારે પ્રમાણમાં લેવા જોઈએ. તળેલી વસ્તુઓ જેટલી શરીર મા ઓછી જાય તેટલું સારું. કહેવાય છે કે એક ભજીયામા ૩ ચમચી જેટલું સુગર રહેલું છે. એટલે કે ૧ ભજિયું અથવા ગોટો ખાવ એટલે ૩ ચમચી જેટલી સુગર શરીર માં જાય છે. સામાન્ય રીતે આપને ૮-૧૦ ગોટા ગરમ ગરમ હોય તો આરામ થી ખાઈ લેતા હોઈએ છીએ. અને વરસાદ ની ઋતુ હોય તો કદાચ ૧૦-૧૨ થઈ જાય. તો તમારા શરીરમાં કેટલી સુગર ગઈ.

તો સવાલ એ થાય કે આવું ગણીગણી ને ખાવાનું? ખરેખર તો સારું જીવન જીવવા માટે ખોરાક ની જરૂર છે. નહિ કે ખાવા માટે જીવવાનું. એ વસ્તુ ધ્યાનમાં રાખી દરેક માણસે પોતે જે કઈ દિવસ દરમ્યાન પ્રવૃત્તિ કરતો હોય અને જેટલી કેલરી વાપરતો હોય એ પ્રમાણે ખોરાક ખાવો જોઈએ. એક ટેબલ ખૂરશી પર બેસનાર માણસનો ખોરાક એક મજૂરીનું કામ કરતા માણસ કરતા ઓછો હોવો જોઈએ. અને એમ ન હોય તો વધારે કેલરી નાખવાની. ચરબીનાં થર કરવાના અને શરીરમાં જુદા જુદા પ્રકારના રોગને આમંત્રણ આપવાનું. માટે જ તમે જાતે જ નક્કી કરો કે તમ